# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૨૨-૦૪-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## મુખ્યમંત્રી-કચ્છ મુલાકાત :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છની મુલાકાતે છે.તેમણે કચ્છની દેશદેવી માં આશાપુરાના દર્શન કર્યા હતાં.

તેમના કાર્યકાળમાં પ્રથમ વખતે માતના મઢે પહોંચેલા મુખ્યમંત્રીએ સાડી, ફૂલહાર, તલવાર અને પ્રસાદ માતાજીને અર્પણ કર્યા હતા.તેમણે પૂજન-અર્ચન કર્યા બાદ રાજ્યની શાંતિ અને સલામતી માટે પ્રાર્થના કરી હતી.તેમણે કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાના સમર્થનમાં નખત્રાણા ખાતે જાહેર સભાને સંબોધી હતી.તેમણે કહ્યું હતું કે,ભાજપ સરકારના વિકાસ કાર્યનું ભાથું ગુજરાતની 26 બેઠકો પર ભાજપને વિજય અપાવશે.સભા બાદ કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાના અબડાસા વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી કાર્યાલયને મુખ્યમંત્રીએ ખુલ્લું મૂક્યું હતું.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-દાવેદારોનું ચિત્ર સ્પષ્ટ :

કચ્છ લોકસભા બેઠક પર ચૂંટણી જંગમાં આજે અંતિમ દિવસે દાવેદારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે.આજે અંતિમ દિવસે કોઈ પણ ઉમેદવારે ફોર્મ પરત ન ખેચતા ભાજપ -

કોંગ્રેસ તેમજ અન્ય 6 જેટલી પાર્ટી અને 3 અપક્ષ ઉમેદવારો મળીને કુલ 11 દાવેદારો વચ્ચે કચ્છમાં ચૂંટણીનો જંગ જામશે.

**નેહલ ઠક્કર**

---

## પોલીસ અધિક્ષક-મતદાન અપીલ :

લોકસભા સામાન્ય ચૂંટણી-2024 વધુમાં વધુ મતદારો લોકશાહીના આ મહાપર્વમાં ભાગીદાર બને તેવો જિલ્લા વહીવટીતંત્ર તરફથી પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.લોકશાહીના આ પર્વને સ્વૈચ્છિક રીતે, નિર્ભીત રીતે અને વધુમાં વધુ મતદાન કરી ભવ્ય બનાવવા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે લોકોને અપીલ કરી છે.

(બાઇટ : સાગર બાગમાર)

**પરેશ મારૂ**

---

## કચ્છ–ઈવીએમ ફાળવણી :

કચ્છમાં લોકસભા ચૂંટણીની સત્તાવાર તારીખ જાહેર થયા બાદ જાહેરનામાની પ્રસિધ્ધિ સાથે ચૂંટણીલક્ષી ધમધમાટ વધુ વેગવાન બન્યો છે.ઈવીએમનું રેન્ડમાઈઝેશન એટલે કે તારવણીની પહેલી પ્રક્રિયામાં કચ્છના છ વિધાનસભા ક્ષેત્ર માટે 2305 કન્ટ્રોલ,2305 બેલેટ અને 2488 વીવીપેટની ફાળવણી કરી જે તે વિધાનસભા ક્ષેત્રમાં તેને પહોંચતા પણ કરી દેવાયા હતા.હવે બીજા રેન્ડમાઈઝેશનની પ્રક્રિયામાં કચ્છ બેઠક પર ચૂંટણી લડતા ઉમેદવારોના નામ સાથે સજ્જ થયેલા ઈવીએમની આ વિધાનસભા મતક્ષેત્રને બુધવાર ફાળવણી કરી દેવામાં આવશે.તો

કચ્છમાં ચૂંટણીપર્વને સુપેરે પાર પાડવા માટે સાડા આઠ હજાર જેટલા સ્ટાફની તારવણી કરી લેવામાં આવી છે.

**પરેશ મારૂ**

---

## ઓબ્ઝર્વર-સ્ટ્રોંગરૂમની મુલાકાત :

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત માટેની કચ્છમાં મતદાનની પ્રક્રિયા આગામી તા.૦૭ મે ના રોજ હાથ ધરવામાં આવનારી છે.આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ભારતના ચૂંટણી આયોગ કચ્છમાં પાંચ ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે.ત્યારે આજરોજ પોલીસ ઓબ્ઝર્વર,જનરલ ઓબ્ઝર્વર દ્વારા ભુજ એન્જિનિયરીંગ કોલેજ ખાતેના ઇવીએમ સ્ટ્રોંગરૂમ તથા મત ગણતરી કેન્દ્રની મુલાકાત લઇને સમગ્ર કામગીરીની સમીક્ષા સાથે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

**માહિતી ખાતું**

---

## કચ્છ-હાટકેશ જયંતી :

નાગરજ્ઞાતિના ઇષ્ટદેવ હાટકેશ્વર જયંતિની આજે ઉજવણી કરવામાં આવી રહી છે.ભુજમાં ઉપલી પાળ રોડ પર આવેલ હાટકેશ મંદિરમાં નવનિર્મિત અંબિકા સદનની વાસ્તુ વિધિ અને લોકાર્પણ કરાયું હતું.એ પછી સમૂહ પ્રસાદ સહીત વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી થઈ રહી છે.માંડવી,અંજાર,ગાંધીધામ,મુન્દ્રા વગેરે સ્થળોએ વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે આ પર્વ ઉજવાઈ રહ્યું છે.

ચંદ્રવદન પટ્ટણી

---

## બિયારણ ખરીદી-ખેડૂત તાલીમ કેન્દ્ર :

રાજ્યના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ,સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો.કોઇપણ સંજોગોમાં લાયસન્સ ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ,પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક,ખેડૂત તાલીમ કેન્દ્ર,ભુજને જાણ કરવા એક યાદીમાં જણાવાયું છે.

**માહિતી ખાતું**

---